# ભરૂચ જિલ્લાના ધોરણ ૧૨ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સિધ્ધિપ્રેરણાનો તુલનાત્મક અભ્યાસ

આશિષકુમાર રમેશભાઈ વસાવા

**૧. પ્રસ્તાવના**

સમાજ અને રાષ્ટ્રના ભાવિ નાગરિકોનો મહત્ત્વનો વિકાસ શાળામાં થાય છે. મનોવૈજ્ઞાનિકોના મતે બાળકના શરૂઆતનાં વર્ષો તેના વિકાસ માટે ખૂબ જ અગત્યના પાયારૂપ છે, અને બાળ વિકાસના શ્રેષ્ઠ તબક્કામાં શિક્ષક વિવિધ પ્રકારની ભૂમિકા ભજવે છે. વ્યકિત સમાજ કે રાષ્ટ્રની પ્રગતિના મૂળમાં સિધ્ધિપ્રેરણા રહેલી છે. સિધ્ધિપ્રેરણાએ વ્યકિતના વિચારોની એવી તરાહ છે જેમાં હંમેશા કોઈ પણ બાબત ઉત્તમ કેવી રીતે થઈ શકે. તેમાં વિશિષ્ટ કે નવું કેમ કરી શકાય એવા વિચારો સંકળાયેલ હોય છે. સિધ્ધિપ્રેરણા વ્યકિતની સફળતા પાછળ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તે એક વ્યકિતના બધા કાર્યો પાછળની ખરી તાકત છે. આમ, સિધ્ધિપ્રેરણા વ્યકિતના ઉચ્ચ ધ્યેય સાથે આંતરિક તત્વ છે.

**૨. સિદ્ધિપ્રેરણાની સંકલ્પના અને વ્યાખ્યાઓ**

શિક્ષણના ક્ષેત્રે અનેક સંશોધનો થયા છે. સંશોધનકારોની જુદી જુદી વિચારધારાઓએ એમાં યોગદાન આપ્યું છે, અને તેમાં પાછલા દાયકામાં એક મનોવૈજ્ઞાનિક ફળદાયી સિદ્ધિપ્રેરણાની નવી સંકલ્પના અમેરિકાના હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર મેકલેલેન્ડે શિક્ષણ જગતને ભેટ ધરી છે જે આ મુજબ છે. ''સામાજિક પ્રતિષ્ઠા માટે નહિ, પણ પોતે કંઈક સિદ્ધ કર્યાનો આંતરિક સંતોષ પામવા માટે, કોઈપણ કામ સારી રીતે પાર પાડવાની અભિલાષા એટલે સિદ્ધિપ્રેરણા''.

**૩. મેકલેલેન્ડ પ્રેરણાની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે**

''ભાવાનુભૂતિવાળી પરિસ્થિતિમાં થતા ફેરફારમાં ગૌણ ઉદ્દીપક દ્વારા ઉત્પન્ન થતી પૂર્વશિક્ષણની સ્થિતિ એટલે પ્રેરણા''
વ્યક્તિની ધ્યેયસિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે.''ગુણવત્તાનાં મૂલ્યો સાથે હરીફાઈમાં મૂકી શકાય એ રીતે કાર્ય કરવા માટેના વિચારોની ગુંથણીનું સાતત્ય એટલે સિદ્ધિપ્રેરણા''.

પ્રો.મેકલેલેન્ડે અનેક સંશોધનના અંતે ભારપૂર્વક કહ્યુ છે કે ''વ્યક્તિ પોતાનો વિકાસ પોતાની જાતે જ સાધી શકે છે. અને દરેક વ્યક્તિમાં એવુ આંતરિક તત્ત્વ રહેલું છે કે જે તેને સિદ્ધિ તરફ દોરી જાય છે જરૂર છે વ્યક્તિમાં રહેલા આંતરિક તત્ત્વને ઢંઢોળવાની''. તે જાગૃત બનતાં વ્યક્તિ પોતાના ધ્યેયની સિદ્ધિ ભણી પ્રગતિ સાધતો બની જાય છે. આ આંતરિક તત્ત્વ કયું તે અંગે મેકલેલેન્ડે લાંબી વિચારણાને અંતે ''સિદ્ધિપ્રેરણા'' એવું નામ આપ્યું. તેમણે એવું જણાવ્યુ છે કે જો વ્યક્તિને સિદ્ધિ પ્રેરિત બનાવી શકાય તો તે આપોઆપ પોતાનો વિકાસ સાધતી બની જાય. જયારે રાષ્ટ્રની વ્યક્તિઓ સિદ્ધિથી સભાન બનશે ત્યારે રાષ્ટ્રની બધી જ સમસ્યાઓ આપોઆપ હલ થઈ જશે.

મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણાના ક્ષેત્રમાં કરેલા અનેક સંશોધનોમાંથી જે કાંઈ શોધી કાઢયું તેને તદ્દન સાદી વાત વડે સમજવું હોય તો આમ કહી શકાય. ''વ્યક્તિની ધ્યેય સિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે''.સિદ્ધિપ્રેરણાને અંગ્રેજીમાં શબ્દ Achievement motivation કહે છે. સફળ વ્યક્તિની સફળતાનું રહસ્ય સિદ્ધિપ્રેરણામાં છૂપાયેલું છે એટલે કે કોઈપણ કાર્યને વધુ સારી રીતે કરવાની આંતરિક ઈચ્છાને સિદ્ધિપ્રેરણા કહી શકાય. મેકલેલેન્ડ અને એટકીનસને અભિપ્રેરણાના ક્ષેત્રે કરેલું સિદ્ધિપ્રેરણાના ખ્યાલોનું પ્રદાન ખૂબ વિશિષ્ટ અને મહત્ત્વનું છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સફળતાનો આધાર વ્યક્તિની સિદ્ધિ મેળવવાની પ્રેરણા પર રહે છે. રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે પણ રાષ્ટ્રના નાગરિકોમાં સિદ્ધિ માટેની ઝંખના અનિવાર્ય છે. તેઓના સંશોધન તારણો એવો નિર્દેશ કરે છે કે સિદ્ધિ પ્રેરિત વ્યક્તિ જીવનનું ધ્યેય મુકરર કરે છે. સિદ્ધિ પ્રેરિત વ્યક્તિમાં સિદ્ધિ પ્રેરિત વર્તન કેટલા પ્રમાણમાં રહેલું છે તે જાણવા માટે સિદ્ધિ કલ્પનાનું પ્રમાણ જાણવું પડે છે.

**૪.સંશોધનની સમસ્યા**

ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની સિધ્ધિપ્રેરણાનો તુલનાત્મક અભ્યાસ.

**૫. અભ્યાસના ઉદ્દેશ્યો**

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં સિધ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવાનો છે. આથી નીચે પ્રમાણે ઉદ્દેશ્યો નકકી કરવામાં આવ્યા છે.

૧. ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિ તથા સિધ્ધિપ્રેરણા વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તે શોધવુ.
૨. ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓનાં રહેઠાણ વિસ્તાર તથા સિધ્ધિપ્રરણાની વચ્ચે કોઈ સંબંધ છે કે
૩. કેમ તે શોધવુ.
૪. ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂચત જનજાતિનાં વિદ્યાર્થીઓનાં વિદ્યાપ્રવાહ તથા સિધ્ધિપ્રેરણા વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તે
૫. શોધવુ.

૬.ભરૂચ જિલ્લાના ધોરણ 12 ના અનુસૂિચત જનજાતિનાં વિદ્યાર્થીઓનાં કુટુંબનો પ્રકાર તથા સિધ્ધિપ્રેરણક વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ
૭.તે શોધવુ.

**૬. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર પરિવર્ત્ય જેવાં કે જાતિ, વિસ્તાર, વિદ્યા પ્રવાહ અને કુટુંબનાં પ્રકારને ધ્યાનમાં રાખીને અભ્યાસની મુખ્ય શૂન્ય ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે.

૧. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.
૨. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની રહેઠાણ વિસ્તારની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.
૩. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની વિદ્યાપ્રવાહની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.
૪. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની કુટુંબના પ્રકારની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

**૭. અભ્યાસના પરિવર્ત્યો**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના પરિવર્ત્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧.સ્વતંત્ર પરિવર્ત્યો**

| | | | |
|---|---|---|---|
| **1.A – જાતિ ૮ છોકરા / છોકરી ૯** | **કક્ષા – 2** | **A1** – છોકરા ૮ ભાઈઓ | **A2** – છોકરી ૮ બહેનો ૯ |
| **2.B – રહેઠાણ વિસ્તાર** | **કક્ષા – 2** | **B1** – ગ્રામ્ય | **B2** – શહેરી |
| **3.C – વિદ્યાપ્રવાહ** | **કક્ષા – 2** | **C1** – સામાન્ય પ્રવાહ | **C2** – વિજ્ઞાન પ્રવાહ |
| **4.D – કુટુંબનો પ્રકાર** | **કક્ષા – 2** | **D1** – વિભકત કુટુંબ | **D2** – સંયુકત કુટુંબ |

***૭.૧ આધારિત પરિવર્ત્યો***

**1.**સિધ્ધિપ્રેરણાની કક્ષા

***૭.૨ નિયંત્રિત પરિવર્ત્યો***

1.પ્રસ્તુત અભ્યાસમાં માત્ર ભરૂચ જિલ્લા નાં વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.
2.અનુસૂચિત જનજાતિનાં જ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
3.પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસના માધ્યમને ધ્યાનમાં લેવામાં આવી નથી.
4.વિદ્યાર્થીઓનો સામાજિક આર્થિક સ્થિતી તેમજ અન્ય વિશિષ્ટતાઓને અભ્યાસમાં આવરી લેશે.

**૮. નિદર્શન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસના ઉદ્દેશ્યો તથા ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખી ભરૂચ જિલ્લાનાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારનાં ધોરણ 12 ના 200 વિદ્યાર્થીઓની યદચ્છ નમૂના પધ્ધતિ અનુસાર નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી. જેમાં ક્ષ્ડડ છોકરા અને ક્ષ્ડડ છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૯. સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતુ.

**૧૦. અભ્યાસના સાધનો**

૧.સ્વરચિત વ્યકિતગત માહીતીપત્રક

**Deo-Mohan Achievement Motivation Scale**

**૧૧. સીમાંકન**

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાની શાળામાં ધોરણ – 12 માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના 100 છોકરા અને 100 છોકરીઓ એમ કુલ 200 વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતુ.

**૧૨. માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સૌપ્રથમ ભરૂચ જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની શાળાઓમાં જઈને ધોરણ – **12** માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના સામાન્ય પ્રવાહના અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ તેમની પાસે સિધ્ધિપ્રેરણા માટેની **Deo-Mohan Achievement Motivation Scale** દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**૧૩. આંકડાશાસ્ત્રીય પરીક્ષણ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ભરૂચ જિલ્લાની શાળામાં ધોરણ – **12** માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સિધ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવાનો હતો. તેથી વિદ્યાર્થીઓ પાસેથી **Deo-Mohan Achievement Motivation Scale** દ્વારા મેળવેલી માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવા માટે દ્વિમાર્ગી વિચરણ પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૧૪. પરિણામ અને ચર્ચા**

**1.ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિચરણ પૃથહરણના પરિણામો પ્રમાણે છોકરાઓની સિધ્ધિપ્રેરણાનો મધ્યક = **31.61** અને છોકરીઓ સિદ્ધિપ્રેરણાનો મધ્યક = **31.41** છે. તેના આધારે વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા **ratio = 2.45** છે. જે અસાર્થક છે. પરિણામે ઉપરોકત શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે, એટલે કે છોકરાઓ અને છોકરીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**અનુસૂચિત જનજાતિના છોકરાઓ અને છોકરીઓના સિધ્ધિપ્રેરણાના મધ્યકો દર્શાવતું કોષ્ટક**

| સ્વતંત્ર પરિવર્ત્ય | **A1** | **A2** | **F ratio** |
|---|---|---|---|
| | **31.41** | **31.61** | **20.80** |

**ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની રહેઠાણ વિસ્તારની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિચરણ પૃથક્કરણના પરિણામો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓનો સિધ્ધિપ્રેરણાનો મધ્યક = **31.93**અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનો સિધ્ધિપ્રેરણાનો મધ્યક = **30.35** છે. જેના આધારે વિદ્યાર્થીઓના રહેઠાણ વિસ્તાર સંદર્ભમાં પ્રાપ્ત થયેલ ા **ratio = 20.80** છે. જે સાર્થક છે. પરિણામે ઉપરોકત શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે, એટલે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થઓમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થઓ કરતાં વધુ સિધ્ધિપ્રેરણા જોવા મળે છે.

**અનુસૂચિત જનજાતિના છોકરાઓ અને છોકરીઓના સિધ્ધિપ્રેરણાના મધ્યકો દર્શાવતું કોષ્ટક**

| સ્વતંત્ર પરિવર્ત્ય | **B1** | **B2** | **F ratio** |
|---|---|---|---|
| | **31.93** | **30.35** | **20.80** |

**ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની વિદ્યાપ્રવાહની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિચરણ પૃથક્કરણના પરિણામો પ્રમાણે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓનો સિધ્ધિપ્રેરણાનો મધ્યક = **31.29**અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનો સિદ્ધિપ્રેરણાનો મધ્યક = **30.98** છે. જેના આધારે વિદ્યાર્થીઓનાવિદ્યાપ્રવાહનાં સંદર્ભમાં પ્રાપ્ત થયેલા ratio = 0.79 છે. જે અસાર્થક છે. પરિણામે ઉપરોકત શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે, એટલે કે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**અનુસૂચિત જનજાતિના છોકરાઓ અને છોકરીઓના સિધ્ધિપ્રેરણાના મધ્યકો દર્શાવતું કોષ્ટક**

| સ્વતંત્ર પરિવર્ત્ય | C1 | C2 | F ratio |
|---|---|---|---|
| | 31.29 | 30.98 | 0.79 |

**ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની કુટુંબના પ્રકારની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.**

આ ઉત્કલ્પના અંતર્ગત ઉપયોગમાં લેવાયેલ વિચરણ પૃથક્કરણના પરિણામો મુજબ સંયુકત કુટુંબના વિદ્યાર્થીઓની સિધ્ધિપ્રેરણાનો મધ્યક = 31.09 અને વિભકત કુટુંબના વિદ્યાર્થીઓનો સિધ્ધિપ્રેરણાનો મધ્યક = 31.18 છે. છે. જેના આધારે વિદ્યાર્થીઓના વિદ્યાપ્રવાહની સંદર્ભમાં પ્રાપ્ત થયેલ ા ratio = 0.07 છે. જે અસાર્થક છે. પરિણામે ઉપરોકત શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે, એટલે કે સંયુકત અને વિભકત કુટુંબના વિદ્યાર્થીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**અનુસૂચિત જનજાતિના છોકરાઓ અને છોકરીઓના સિધ્ધિપ્રેરણાના મધ્યકો દર્શાવતું કોષ્ટક**

| સ્વતંત્ર પરિવર્ત્ય | D1 | D2 | F ratio |
|---|---|---|---|
| | 31.09 | 31.18 | 0.07 |

**૧૫. તારણ**

૧. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની જાતિની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર સાર્થક અસર જોવા મળતી નથી. એટલે કે છોકરાઓ અને છોકરીઓમાં સિદ્ધિધ્ધપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

૨. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની રહેઠાણ વિસ્તારની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર સાર્થક અસર જેવા મળે છે. એટલે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં વિદ્યાર્થીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થઓમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં વધુ સિધ્ધિપ્રેરણા જોવા મળે છે.

૩. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની વિદ્યાપ્રવાહની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર સાર્થક અસર જોવા મળતી નથી. એટલે કે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

૪. ભરૂચ જિલ્લાનાં ધોરણ 12 ના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓની કુટુંબના પ્રકારની તેમની સિધ્ધિપ્રેરણા ઉપર સાર્થક અસર જોવા મળતી નથી. એટલે કે સંયુકત અને વિભકત કુટુંબના વિદ્યાર્થીઓમાં સિધ્ધિપ્રેરણાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

**૧૬ .સમાપન**

પ્રસ્તુત સંશોધનમાં મેળવેલ અંકશાસ્ત્રીય પૃથ્થકકરણની માહિતી મુજબ સિધ્ધિપ્રેરણાના પરિણામોનો અભ્યાસ કરતાં જણાય આવે છે કે સિધ્ધિપ્રેરણા ઉપર રહેઠાણ વિસ્તારની અસર જણાય આવે છે જયારે બાકી ત્રણ પરિવર્ત્યો જેવા કે જાતિ, વિદ્યાશાખા તથા કુટુંબના પ્રકારની અસર જણાય આવતી નથી.

**સંદર્ભસૂચિ**

૧.Atkinson, John W (1966). An introduction to motivation, New Delhi. Affiliated East-West Press Private Ltd..

૨.પારેખ બી. યુ. અને અન્ય, (1994). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૧.દેસાઈ એચ. જી. અને દેસાઈ કે. જી. (1997). 'સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ' છટ્ઠી આવૃત્તિ, અમદાવાદ.

૨.દેસાઈ કે. જી. અને અન્ય, (1994). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૩.આસોંદરિયા, ડી. ડી. (2008). : સૌરાષ્ટ્ર કચ્છના વિદ્યાસહાયક શિક્ષકોનાં સિદ્ધિ પ્રેરણા, અનુકૂલન અને વ્યવસાય સંતોષનો અભ્યાસ.

૪.જોષી નિતીન બી. (2005). : નોકરી કરતાં અને નોકરી ન કરતાં માતા–પિતાઓના સંતાનોના ચિંતાતુરતા, અનુકૂલન, સિદ્ધિપ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ.